## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે,
અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે.
મનદુઃખ થશે જરામાં કે ઊર્મિપ્રધાન છું,
તારી બધીય વાત મને જાણવા ન દે.
એના ઈશારા રમ્ય છે પણ એને શું કરું?
રસ્તાની જે સમજ દે, અને ચાલવા ન દે.
એવા કોઈ દિલેરની સંગત દે ઓ ખુદા,
સંજોગોને જે મારું મુકદર થવા ન દે.

- મરીઝ

### પાથેય

- રમેશ ઠક્કર

## પ્રેમનો પ્રોટોકોલ...

અટપટા મનની વાતો પણ અટપટી હોય છે..જગતમાં સૌથી મોટું આશ્ચર્ય ક્યું? એવો જો કોઈ પ્રશ્ન કરે તો એનો જવાબ હોઈ શકે માણસનું મન..! એમાં અવિરતપણે ચાલતી વિચારોની હેલી કેટકેટલાં સ્વરૂપ બદલતી રહે છે ! આપણું ચિંતન કે આપણા ચિંતકોની મોટા ભાગની મથામણ ચિત્તના આ ડામાડોળ સંચારને સમજવામાં જ જતી હોય છે..માણસ કોઈકને ચાહે છે..એની નજરમાં કોઈક વસી જાય છે..પરંતુ દુન્યવી ડહાપણ એને એ જાહેરમાં વ્યક્ત કરતાં રોકે છે..આપણે સહુ એક પ્રોટોકોલમાં જીવીએ છીએ..વ્યવસાય કે નોકરી પૂરતું એ બરાબર હોઈ શકે પણ પ્રેમનો કે લાગણીનો પ્રોટોકોલ એ અલગ વાત છે..કોઈ સામે મળે તો નજર ફેરવી નાખવી..એક દમામ સાથે પેશ આવવું.બીજી તરફ એ જ વ્યકિત સતત પોતાને જુએ અથવા પોતાની આસપાસ જ રહે એવી ઈચ્છા રાખવી આ વિરોધાભાસ એ બીજું કશું જ નથી લાગણીનો એક સ્વભાવ છે..!

જેના ઈશારા રમ્ય છે એ લાગણી શું છે ? આમ જોઈએ તો એ જ જીવવાનો આધાર છે..સંબંધના તાર સિવાય બાકી બધું નિરાધાર છે...માનવ સંબંધોની એક મજા છે;એ નથી તો જીવન ચોકકસ એક સજા છે..કોઈકનો નિર્વ્યાજ પ્રેમ પ્રાપ્ત થાય એ ઈશ્વરના સાક્ષાત્કાર કરતાં જરા પણ કમ નથી..ગોઠવાયેલા સંબંધો એ ફલાવરવાઝના ફુલો જેવા છે..એ ડ્રોઈંગરૂમના ડેકોરેશન જેવા હોઈ શકે..સાચા સંબંધ વગડાઉ ફુલો જેવા હોય છે..જે સહજતાની ધરતી ઉપર પનપે છે..દેહની માફક સંબંધોમાં પણ સ્થુળતા આવી જાય છે..ત્યારે એમાં અણગમાનું અદોદળાપણું અનુભવાય છે.. એને આત્મીયતાની એક્સરસાઈઝથી ફીટ રાખવા પડે છે..

સંબંધો એ ઝાકળ જેવા હોય છે એવું તમે ઉચ્ચ પદો કે સફળતા પછીના બદલાતા સમયમાં અનુભવી શકો..નિષ્ફળતાનો ઓછાયો જયાં દેખાય ત્યાં જ મોટાભાગના સંબંધોનું બાષ્પીભવન થઈ જાય છે..ચંદ્રકાંત બક્ષીના શબ્દો માં કહીએ તો 'જે હસી ને મળતા હતા એ, હવે મળીને હસે છે.." પણ એવું કહેવાય છે કે આ બધા પછી જે ટકે છે એ સંબંધ નું સાચું સ્વરૂપ હોય છે..એનો અર્થ એ થાય કે જયાં સુધી જીવનની તડકીછાંયડીનો અનુભવ ના થાય સંબંધોની માયાજાળ સમજવી મુશ્કેલ હોય છે..જે માણસ સંબંધને અકબંધ રાખી શકે છે એને બાકી કોઈ પ્રબંધની જરૂર પડતી નથી...માનવ સંબંધો મીણ જેવા મુલાયમ હોય છે. એને ઓગળી જતાં વાર નથી લાગતી...એને ઉષ્માસભર હુંફાળું આવરણ અકબંધ રાખી શકે છે...એની આવી નાજુકતા ને જોઈને જ ઉમાશંકર જોશીએ લખ્યું હશે કે..'માનવીના હૈયાને નંદવાતાં વાર શી? 'સંબંધની એક આગવી સુવાસ હોય છે...નીતરેલા નીર જેવા સંબંધોની તાજગી અનુપમ હોય છે. એમાં

અનુસંધાન પાના નં. ૭ પર

## મુખ્યસચિવશ્રીની શિખામણ ગાંઠે બાંધવા જેવી

**તંત્રીસ્થાનેથી...**

અગાઉના જમાનામાં રાજા રજવાડાં અને સુલતાનોના દરબારમાં દીવાનનો દબદબો રહેતો. મહારાજા સયાજી રાવ ગાયકવાડનો રાજકીય ઉછેર જ સર. ટી. માધવરાવ જેવા વિદ્વાન દીવાનની નિશ્રામાં થયો હતો. ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીને પણ 'સર' નો બ્રિટીશ રાજ દ્વારા અપાતો ઈલકાબ મળ્યો હતો. એમની પ્રતિભાની ગાથાઓ આજે પણ ગવાતી રહે છે. બ્રિટીશ રાજ છતાં ગાંધીજીથી લઈ દુલા ભાયા કાગ સુધીની વિભૂતિઓને સાચવીને અંતે તો એમને યુવાન મહારાજા કૃષ્ણકુમાર સિંહજીની જ પ્રતિષ્ઠા વધરી હતી. રાજયમાં પ્રજાનું શાસન શરૂ થયું ત્યારે પણ વહીવટી માળખું તો યથાવત જ રહ્યું છે. ફરક એટલો પડ્યો છે કે અગાઉના 'આસીએસ'નું સ્વતંત્ર ભારતના 'આઈએએસ' સ્વરુપે અવતરણ થયું. આવડા મોટા દેશના પ્રશાસન માટે એ વહીવટીતંત્ર અનિવાર્ય હતું. ન તો એને ગાંધીજી હટાવી શકે એમ હતા કે ન નહેરુ, નરેન્દ્ર મોદી કે એમના પૂર્વસૂરિ ઈંદિરા ગાંધીની પ્રશાસન પર પકડ બેમિસાલ ; પરંતુ પ્રશાસન તો પ્રશાસનની રીતે જ ચાલતું રહ્યું છે. ચૂંટાયેલી સરકારના નિર્ણયો અને નીતિના અમલીકરણ માટે રબ્બરની જેમ વળી જતાં અને મળી જતાં પણ આવડે છે છતાં પોતાનો પ્રભાવ અકબંધ રાખી કોઈ પણ પાર્ટી કે રાજનેતાને પોતાની અનિવાર્યતાનો અહેસાસ કરાવતાં પણ આવડે છે. આપણી બ્યુરોક્રસીનો એમની વાતાનુકૂલિત ચેમ્બરોમાંથી ઊભા થઈ પ્રજાજનો વચ્ચે જવાની ફરજ પાડવાની પહેલ ભાજપ સરકાર વખતે થઈ. ભાજપ ઉત્સવ પ્રિય પાર્ટી છે. છાશવારે અવનવા ઉત્સવોનું આયોજન કરીને એ પ્રજાને સતત ઉત્સાહિત કરતી રહી છે. કમ્મરતોડ મોંઘવારી અને બેરોજગારી સહિત અનેક ક્ષેત્રે નરી નિષ્ફળતા છતાં પ્રજાને એક યા બીજા નિમિત્તે રાજી રાખીને ભારતીય જનતા પાર્ટી છેલ્લા અઢી દાયકા કરતાં વધુ સમયથી સત્તા પર ટકી રહી છે. બલકે જડબેસલાક બંદોબસ્તપૂર્વક એણે એક સમયની અજેય ગણાતી કોંગ્રેસને નામશેષ કરી દીધી છે. એના આ પરાક્રમમાં બ્યુરોક્રસીનો હાથ અને સાથ રહ્યો છે એ સર્વવિદિત છે. પરંતુ બ્યુરોક્રસીનું ઊજળું પાસું જાહેરમાં ભાગ્યે જ ચર્ચાતું હોય છે. બધો જ જશ પાર્ટીના અને હવે પાટીલના ખાતામાં જમા થાય છે. આવા સંજોગોમાં જિલ્લાનાં જ ગામડાં ખૂંદીને મૂળે મગધવાસી મુખ્ય સચિવ ગ્રામજનોને એમની ત્રણ પેઢીઓનાં નામ પૂછી જગતસત્ય વિશે જાગ્રત કરે ત્યારે જરૂર એમનાં ઓવારણાં લેવાનું જ મન થાય. સામાન્ય રીતે આવા પ્રશ્નો નેતાઓ કે ધર્માધ્યક્ષો જ પૂછતા હોય છે. પંકજકુમારે ગ્રામજનોને પૂછ્યું કે તમારા પૈકી કેટલા લોકોને ત્રણ પેઢીઓ યાદ છે ? એક માત્ર જીવુભાને ત્રણ પેઢીઓ યાદ હતી. બાકીના બધાને બે પેઢી પછીના નામ ન આવ્યા અને ન આવે એ સ્વાભાવિક છે. સતત આજીવિકાના પરિશ્રમમાં વ્યસ્ત પ્રજા કદાચ એની બીજી પેઢીને પણ ભૂલી જાય તો એ ક્ષમ્ય ગણાશે. એમના બારોટોના ચોપડે એ ચીતરાતી રહે.જનસાધારણ માટે તો એનો કપરો વર્તમાન જ મહત્વનો બની રહે છે. અલબત્ત, મુખ્ય સચિવે આ વાત જુદા સંદર્ભે કરી છે. જો તમને તમારી ત્રીજી પેઢી યાદ ન હોય તો તમારા વંશજો તમને ત્રીજી પેઢીને યાદ રાખશે ખરા ? એટલે ભલા થઈને દીકરા-દીકરીનો ભેદ ભૂલી જાઓ. બેઉને સરખાં ગણો. ભણાવો. બેટી બચાવો અને પઢાવો. તો જ એમનું શ્રેય થશે. એ સુખે રોટલો રળી શકશે. બિહાર બુદ્ધની અને બુદ્ધિની ભૂમિ છે. બિહારના પ્રભાવશાળી પ્રજા તે ભૂમિહાર. રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકર અને મુખ્ય સચિવ ભૂમિહાર સમુદાયનાં ફરજંદ છે. ભૂમિહારો આમ તો જમીનદારો હતા. સમયનો તકાજો સમજીને એ બ્યુરોક્રેટ્સ બની દેશની સેવા કરી રહ્યા છે.

## આ સેવકની જગ્યાએ આપણી જાતને મૂકી જોઈએ!

સવારનો સમય હતો. સૌ પોતપોતાના કામમાં હતાં. આ સમયે દરવાજા પાસે વાહન ઊભું રહેતા જોઈ,દીકરોઊભો ન થયો પણ બૂમ પાડી તેનાં મમ્મીને કહ્યું :'મમ્મી,કચરાવાળો આવ્યો !'મમ્મીએરસોડા માંથી બહાર આવીને કચરાનીદફનવિધિ પૂરી કરી. વાહન આગળ ગયું. પછી મમ્મીએ દીકરા પાસે બેસી,તેનાં માથે ફેરવી હળવેકથીટકોર કરતાં કહ્યું:'બેટા ! કચરાવાળાતો આપણે છીએ.એ લોકોતોઆપણી ગંદકી સાફ કરે છે !'હા, પછી ઉમેર્યું : 'તું પણ કચરાની ટોપલી આપી શક્યો હોત..!' આ સંસ્કાર કે જીવન ઘડતરનુંસૌથી મોટું ઉદાહરણ ગણી શકાય. નોંધવું ઘટે,એક માતા સો શિક્ષકની ગરજ સારે તે આનું નામ.

દરેક ઘરનો રોજિંદોકકળાટઃકામવાળીનાં કામમાં ભલીવાર નથી.છાપાવાળો સમયસર આવતો નથી.દૂધવાળાનુંતો કહેવું જ શું,મરજી મુજબ ચાલ્યો આવેને પાછો નફફટાઈથીકહેઃ 'ભેંસ મોડી ઉઠી હતી..!'

આપણી સેવા, સુવિધા,સગવડ પૂરી પાડનારાંમાણસો પ્રત્યેનો આક્રોશ જરાય ઓછો હોતોનથી. મોં માંગ્યા રૂપિયા આપીએ છીએ...સારું, સરખું ને સમયસર કામતો કરવું પડે ને ! આવું બરાબરનુંઠસાઈ ને ફસાઈ ગયું છે તેથી તેને થેંક્યું કહેવાનું તો આવે જ નહીં.પણ સહેજ થોડા વખાણ કરવાના બદલે મન ફાવે તેમ લોંદાવી,ઘઘલાવીનાખીએકે ઉતારી પાડીએ છીએ.ગરીબી,મજબૂરી તેને સહનશક્તિ આપે છે.પણ તેમાં ક્યારેક કોઈ માથાફરેલસામે સંભળાવીદેઃ'આટીકટોક બંધ થઈ પણ તમારી ટકટક બંધ ન થઈ..!'પછીજોતેપોતાની ખુમારી દાખવી કામ કરવાની જ ના પાડે દેતો આપણો આક્રોશ છૂમંતર થઈ જાય ! આપણો બોલતાં બંધ કરવાનો ઈરાદો,તેને જ બોલતાં કરી દે. દરેક ઘરમાં આવું છે એવું પણ નથી.

પણ આવાં કોઈ સેવક સાથેની વાતચીત વેળાએ આપણી ભાષા,તોછડાઈ નેછીછરાઈ જોવાંકેતપાસવાંજેવી હોય છે.આ સમયે આપણીસમજ,શિક્ષણ, સભ્યતા, સંસ્કૃતિ...આ બધી જણસક્યાં ચાલીજાય છે? જે વાણી,વર્તન, વ્યવહાર ખુદને ન ગમતાં હોય તેવાં, આપણી અનન્ય સેવા કરનાર સાથે આચરવાનો કોઈ અધિકાર નથી.કોઈની સેવાનાં બદલામાં ક્યારેકઆપીએછીએ : સવારે ઝાડું ને સાંજે વધેલુંવાળું!




જે ટાઢ, તડકો, વરસાદવેઠીકે ટાણું-કટાણું જોયા વગર રાત-દિવસ કામમાં આવે છે. અને હવે તો મહામારી વચ્ચે જાતને જોખમમાં મૂકી,સેવા કરે છે તેને કઈ દ્રષ્ટીથી જોઈએ,મૂલવીએ છીએ!? આ સેવકની જગ્યાએ જો ઘડીભર આપણી જાતને મૂકી દઈએતો કદાચ ખરો ખ્યાલ આવે.જુઓ.. આપણીએક અંગસફાઈની સ્વનિર્ભરતા આપી કુદરતે કેટલી કમાલ કરી છે..! ખુદનું જ સાફ થવું કે કરવું સાવ સરળ નથી...તે કોઈને કહેવું પડે એવું નથી. આમાં ફીઝિકલઅને ડીઝિટલનો ભેદ કોઈને સમજાવો ન પડે !

અને આ સઘળી સેવા સંદર્ભેબદલતા સમયની તાસીર ને તસવીર સમજવી ને સ્વીકારવી પડશે. મોં માગ્યું મૂલ્ય ચૂકવ્યા પછી પણ અપેક્ષા મુજબ,સારુંને ધાર્યું કામ થાય તેની વોરંટી મળશેગેરંટીનહીં !

આ મહામારીએઆપણી આંખ ઉઘાડી દીધી છે.જે કામનો કકળાટ કરવાની કળા કાયમી થઈ ગઈ હતી તેસેવાઓસ્થગિત થઈ હતી.આપોઆપ સ્વ કે આત્મનિર્ભર થઈ જવાયું હતું. ઘરકામવહેંચાઈ ગયું હતું.એક બાળકેકોરાનાવિશેના નિબંધમાં લખ્યુંહતુંઃ'મારા પપ્પા વાસણ,કચરાં-પોતાં,કપડાંધોવાંનેઈસ્ત્રી કરવાનું કામ કરે છે.મમ્મી રસોઈ કરી,મોબાઈલમાં લાગી જાય છે...'ઘરકામની પરંપરા તૂટી,છૂટીને કદાચ વછૂટીજાયતોનવાઈ પામવા જેવું નથી.ખરેખરતો આવા પોતીકાકામ માટે દ્વેજજ ર્એ કરતાૅર ર્એ અગત્યનું હોય છે.

આપણાંઆંસુ,લોહી,પરસેવો...ને સંવેદના જગતની કોઈ લેબોરેટરીમાં બની,સંભવી નહીં શકે. કુદરતની આ અણમોલ ભેટ છે.કોઈનીપીડા,વેદનાની ખુદને અનુભૂતિ,અનુભવ થાય તે સંવેદના.દરેકને સ્વમાન વ્હાલું હોય છે. આપણે ત્યાં,સેવા પૂરી પાડનારનું સન્માન જાળવીએતે ખરેખર સમગ્ર માણસજાતનું સન્માન છે.વ્યક્તિઅન્યની સંવેદના,સમ-વેદના સમજતી,અનુભવતી થાય તો જગત અને જીવનનાં ઘણાં પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જાય !છેલ્લે :કોઈ મહાનુભાવનું માનવીય મૂલ્યાંકન કરવું હોય તો,તેમના હાથ નીચે કામ કરતા સાવ તળનાં માણસ સાથેનો તેમનો વ્યવહાર જુઓ,તપાસો...આપોઆપ તેમની માણસાઈનો અંદાઝ આવી જશે !

http://raghavjimadhad.blogspot.com

### દિન મહિમા

- વર્લ્ડ રેફ્રિજરેશન ડે
- આંતરરાષ્ટ્રીય અત્યાચાર પીડિતો સમર્થન દિવસ
- આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ સેવન અને અવૈધ વ્યાપાર વિરોધ દિન

આજનું

### ઔષધ

- રોજ રાત્રે દોઢથી બે તોલા મેથી પાણીમાં પલાઠી રાખી, સવારે ખૂબ ચાવી,ગાળીને પીવાથી ડાયાબિટીસ મટે છે.

### ખડખડાટ

- રમીલા માસી હાથમાં મહેંદી કરીને બેઠા'તા રેણુકામાસીએ પૂછ્યું : પ્રસંગ છે ઘરે ?
તો કે : ના ના આજ અનુપમાના લગ્નનો એપિસોડ આવવાનો છે.

આજનું

### વોટ્સએપ

- અહંકાર બીજાને ઝુકાવીને આનંદ માણે છે જ્યારે સંસ્કારો પોતે ઝૂકીને આનંદ માણે છે.

# કુતરું કરડવાની ઘટનાની સામાજિક સમીક્ષા...

અનુભવે અમને સમજાવ્યું છે કે કોઈ ઘટના નાની નથી હોતી. આજે મનુષ્ય અને શ્વાન વચ્ચેના સંબંધો પર પ્રશ્નાર્થ જગવતી એક નાની ઘટનાથી એક મોટી અને લાંબી અને પહોળી સંબંધકથા ખોલવી પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. વિશ્વમાં મોટા મોટા દેશો પણ ક્યારેક કારણ વગર યુધ્ધમાં જોડાઈ જાય છે અને પછી છેક સમાધાનના ટેબલ પર પહોંચે ત્યારે કારણ શોધવા દોંડાદોંડ કરવી પડે છે. આ કારણસર એક નાનકડા કુતરાએ એક મનુષ્ય પર કરેલા હુમલાને સાવ કેઝયુઅલી' લેવા જેવો નથી. આથી આજે જ્યારે મનુષ્યો એકબીજા સાથે લડી રહ્યા છે ત્યારે યુરોપમાં કુતરાઓ માટે એક ફાઈવસ્ટાર હૉટેલ બાંધવામાં આવી છે અને અમેરિકા તથા પશ્ચિમમાં અનેક માલેતુજાર લોકો પોતાની તમામ મિલકતો વિલ કરીને કુતરાના નામે કરી દેવાના સમાચારો મળ્યા જ કરે છે. એક અન્ય અને અગત્યના સમાચાર પ્રમાણે મનુષ્યના માનવેતર સંબંધોમાં હવે મશીનો સાથે કેવો સંબંધ બદલાશે એ અંગે પશ્ચિમના તત્ત્વજ્ઞાની ટુઅર્ટ રસેલે અનેક પ્રશ્નો આજના જગત સામે ઉભા કર્યા છે ત્યારે કર્ણાવતીના એક કુતરાએ અમારા એક મિત્રને કરડીને ચકચાર ફેલાવી દીધી છે. શીર્ષક અને વાતચીતમાં કુતરું કહીને અમારી શ્વાનસમાજની લાગણી દુભાવવાની જરાયે ઈચ્છા નથી પણ મનુષ્ય સાથેના આટલા દીર્ઘ સંબંધો પછી પણ શ્વાન સમાજના એક સભ્ય અમારા એક મિત્રને કરડવાની જ ચેષ્ટા કરી છે એની ચિંતા અને ચર્ચા થકી સામાજિક ખળભળાટ ઉભો થઈ રહ્યો છે. પહેલો મહાપ્રશ્ન એ છે કે કુતરું કરડ્યું છે કે બચકું ભર્યું છે. કારણ બચકું ભર્યું હોય તો એમાં બચી કરવી. બચાવવું. ભુખ ભાંગવા બચકું ભરવું એવી પ્રેમ અને કરુણામય લાગણીઓ ઉભી થાય છે, પણ જો કરડવું એવું ક્રિયાપદ વાપરવામાં આવે તો એ કરડાકી અને તામસિક ગુણો પ્રગટ કરનારું અને પરિણામે ચિંતા ઉપજાવનારી ઘટના કહી શકાય. મનુષ્યના કાફ-મસલ્સ એટલે પિણ્ડીના સ્નાયુઓ કુતરા માટે આકર્ષક બની રહેતા હોય છે. પિણ્ડીના સ્નાયુઓ ચકાફમસલ્સ)નો પિણ્ડ એટલે કે શરીરના એક સારસર્વસ્વ સ્નાયુના ભાવનો ખ્યાલ આવવાથી કુતરા જેવું ચતુર અને વફાદાર પ્રાણી આકર્ષાય એ સ્વાભાવિક છે. બીજો પ્રશ્ન એ છે કે કુતરાએ કોઈ એક પ્રતિનિધિને પસંદ કર્યા છે તો એમાં શ્વાનમતિના કોઈ વલણો જોવા મળે છે કે કેમ એ તપાસવું જોઈએ. એક જ્યોતિષ શાસ્ત્રમાં માનતા સજ્જન તો બોલી પણ ગયા કે આપણા ભજીયામાં મરચું આવશે કે કેમ અને આવશે તો કેટલું તીખું હશે એનો આધાર ગોચર ગ્રહો અને શનિની મહાદશા પર આધારિત છે તો આ વિશિષ્ય શ્વાનજાતકે જે અપકૃત્ય કર્યું છે તેના મુળમાં કોઈ ગ્રહગરબડ કે તે ક્ષણે પતન પામતા કોઈ ગ્રહ કે એની દશા જવાબદાર હોઈ શકે. માની લો કે ઉદાહરણ રુપે આપણે કેટલાક પ્રચલિત નામો વિચારીએ તો પુરુષોમાં રૂપેશ, ઘનશ્યામ, પ્રદીપ, તુલસી એમાંથી કુતરાએ એવા ક્યા વિચારોથી પ્રેરાઈને કોઈ વ્યક્તિ ઉપર પોતાના વિચારોનો પ્રહાર કર્યો હશે. ઘણા લોકો આ અંગે તર્ક-વિતર્ક કરે છે. દા.ત. જો પ્રદીપ એવી વ્યક્તિ વિચારે તો કરડવાની પ્રક્રિયા દરમ્યાન દાઝી જવાની બીક લાગે, રુપેશને એટેક કરવાથી પોતે રુપ પાછળ ઘેલો છે એવો સાવ માનવીય આક્ષેપ શ્વાનકુંવર ઉપર થાય. જ્યારે તુલસી જેવી વ્યક્તિને બચકું ભરવાથી પોતે કોરોનાથી ઘભરાઈને તુલસી પર આધારિત થઈ ગયો છે એવી ચર્ચા થાય, પણ જો ઘનશ્યામની વાત હોય તો ભક્તિભાવ ઉમેરાય છે, અને કોઈ દિવસ શ્વાનસમાજના કોઈ પંચ કે કોઈ કોર્ટ સમક્ષ રજુ થવાનું હોય તો 'આયો કહાંસે ઘનશ્યામ ?' કે 'અમે ગોવાળિયા રે ગોકુળ ગામના.' બીજા કોઈ મનુષ્ય સાથે આવી રીતે કરડવાથી પ્રશ્નો ઉભા થાય એમ છે પણ જો કૃષ્ણ સાથે જોડાયેલું નામ હશે તો બચાવમાં કામ આવશે એવા લૉજિકથી આ ઘટના સર્જાઈ હોવી જોઈએ. શું કુતરાઓ પ્રોફેશન તરફ પણ જોતા હશે ? કોઈ બેંકર છે કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ! પશુવૈજ્ઞાનિકોએ આ બધું શોધી નાંખવું પડશે. ત્રીજા એક વ્યાપક દ્રષ્ટિકોણથી આખી ઘટનાને જોવી જોઈએ. કારણ જે રીતે શહેરીકરણ થવા માંડ્યું છે અને તેને કારણે દયાભાવ અને ધાર્મિક ભાવનાવાળા અનેક હિન્દુ પરિવારો ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં રહેવા લાગ્યા છે. આના કારણે ગૃહિણીઓએ વ્યાપક પ્રમાણમાં ફરિયાદો કરી છે કે આ ફ્લેટની સંસ્કૃતિમાં તો ગાય-કુતરાને ખવડાવવાની સદીઓથી આપણી ચાલી આવતી પ્રણાલીઓનો ભંગ થવાથી કદાચ શ્વાન સમાજે કોઈ એક શ્વાનને માનવસમાજને સંદેશ મોકલવા આવું પગલું ઉઠાવ્યું હોય. ઘણા બિલ્ડરોએ આ માટે સ્કીમની જાહેરાતમાં જ ગૃહિણીઓના પુણ્યરક્ષણ માટે શું શું વિચાર્યું છે એ જાહેર કરવું પડશે, અથવા અમારા માણસો આવી આવીને ગાયકુતરાનાં ભોજન લઈ જશે એવી ખાસ વ્યવસ્થા અથવા તો વિશિષ્ટ 'ચાટ' જેવી વ્યવસ્થાઓ વિચારવી જોઈશે જેથી આ કડવાશ આગળ વધે નહીં. અહીં એક પશુડૉક્ટરે તો ત્યાં સુધી કહ્યું કે જે કુતરું કરડ્યું છે તે કુતરાની કોઈએ સંભાળ રાખવી પડશે. શક્ય હોય તો એને એક તરફ બાંધી રાખીને એનું 'ઓબ્જર્વેશન' કર્યા કરવું પડશે. કારણ કે કુતરું કુતરા જેવા જીવનથી હડકાયું થયું હતું કે ખાલી સંદેશ આપવા કે ભુખ સંતોષવા કરડ્યું છે એ શોધવું ખુબ જ જરુરી છે. આ માહિતી હોય તો જ 'લાઈન-ઑફ-ટ્રીટમેન્ટ' નક્કી થઈ શકે. આ અને આવા બધા આનુષાંગિક પ્રશ્નોને લીધે સાબરમતીના એક કુતરાએ આખી મનુષ્યતાને જાગૃત કરી મુકી છે. હવે, આ ઉભા થયેલા સામાજિક પ્રશ્નો માટે વૈજ્ઞાનિક સમુહોએ કુતરા માટે પણ પાંચ અને માણસ માટે પાંચ એવા ઈજેક્શનોની શોધ કરવાની રહેશે, આ અને આવા વૈજ્ઞાનિક વિચારો આવે છે પણ દુરથી કુતરાના અને અમારો કાફ-મસલ ચાલીને આવ્યા હોવાથી વસ્ત્રાવરણ વિનાનો છે. કદાચ, કોઈ કુતરાએ અમારા લેખ વિશેની વાતો સાંભળી હોય તો ! મારા પત્નીએ તો મને આવતા પાંચ અઠવાડિયા સુધી સ્પોર્ટસ-શોર્ટસ નહીં પહેરવાની સુચના આપી છે. લેખ છપાય પછી પણ સલામતી તો રાખવી જ પડે ને ! સાચવજો..




# ' સમાજ' શાસ્ત્ર...!!!!

' હું સમાજ ને પૂછી ને કહું '..' મારો સમાજ મને ના પાડે તો કઈ નહીં '..' સમાજમાં મોઢું શું બતાવશું ? '..' સમાજમાં રહેવાનું છે હો આપણે..'..' સમાજ આગળ માફી માંગી લઉં '..' સમાજ થી આપણે છીએ.. શું સમજ્યા.??? ' આ અને આવા અનેકો ડાયલોગઝ વારંવાર સાંભળતા અને સમય આવ્યે ચીપકાવતા આપણે વિચાર્યું કે સાલું આ ' સમાજ ' એટલે શું ? આ વળી એવી કઈ બલા છે કે જેના નામે ભયાનક ધિંગાણા.. જેના નામે પળભરમાં જીવન-મરણના સવાલો.. જેના નામે ભલભલી સામાજિક પ્રતિષ્ઠાઓ કે બદનામીઓ.. જેના નામે એક આધાર.. જેના પર એક વિશ્વાસ.. જેના લીધે કઈ કેટલાય સંસાર અને જેના નામે રાજકારણ થી લઈને સમાજકારણ ખેલાતું હોય કે પછી જેની એકતાની ઓથે ભલભલી જાયજ કે નાજાયજ માંગણીઓ અને લાગણીઓ સ્વીકારાતી હોય કે પછી જે સમાજનો આધાર લઈને જાતિવાદ જેવી સમાજને જ હાનિકારક પ્રવૃતિઓ ઊભી થતી હોય એના વિષે કોઈ ભરી મહેફિલમાં કે ભરી સભામાં એમ પૂછે કે ' સમાજ ' એટલે શું ? '..' કોણ છે આ સમાજ ' ? તો એનો જવાબ પણ આપવો જ પડે કે નહીં..?

હિન્દી ફિલ્મોના ' લૉગ કયા કહેંગે ? ' જેવા અતિકોમન અને વારંવાર ચીપકાવાતા ડાયલોગમાં છાનેખૂણે એમ જ પૂછે છે કે ' આ સમાજ એટલે શું ?' મનુષ્ય સામાજિક પ્રાણી છે એટલે કે સમાજમાં રહેનારું પ્રાણી છે. સમાજ અને મનુષ્ય બન્ને એક સિક્કાની બે બાજુ છે તો એનો સીધો અર્થ એ થયો કે મનુષ્ય એ સમાજનું એક અંગ છે. હવે તકલીફ એ વાતની છે કે જેનું મનુષ્ય નાનું અંગ છે એ વિશાળ સમાજ એટલે ? આમ તો શું છે કે સમાજની વ્યાખ્યા એવી રીતે થાય કે સમાજએટલે સમૂહમાં જીવતા માનવીઓનો એક એવો સમૂહ કે જેમના જીવન-મૂલ્યો, પ્રણાલિકાઓ, પરંપરાઓ, સ્થાપિત પ્રથાઓ અને સામાજીક વ્યવહારો એક સમાન છે અને એને અનુરૂપ રહીને આ સમૂહ જીવવાની કોશિશ કરે છે. મતલબ કે સમાજ એટલે એક એવો સમૂહ જેની સામાજિક રીતે જીવવાની ચોક્કસ ટર્મ્સ એન્ડ કન્ડિશન છે અને એ ઓલમોસ્ટ કંપલસરી છે. જે આ રૂઢી બોલે તો ટર્મ્સ એન્ડ કન્ડિશનમાંથી બહાર ગયું એ સમાજની બહાર ગયું ગણાય અને અહીં સમાજ એટલે બચ્ચનના ડાયલોગને યાદ કરી તો 'પરંપરા.. પ્રતિષ્ઠા.. અનુશાસન '..!!! જી હા આ ફિલ્મી ડાયલોગ સમાજ એટલે શું ? અથવા તો સમાજમાં રહેનારને શું લાગુ પડે ? ના અઘરા સવાલને કઈક અંશે સહેલો કરી દેતો જવાબ છે..!!!

સમાજ એટલે એક એવો સમૂહ કે જેના ઓથ નીચે એકબીજા સુરક્ષિત.. સભ્ય અને સંતુષ્ટ મહેસુસ કરે છે. પેલું કહે છે ને કે ' ચપટી ધૂળ ની પણ જરૂર પડે ' એ ન્યાયે સમાજની બહાર રહેનારને સમાજની જરૂર પડે જ. એનું એક બીજું સબળ કારણ એ છે કે કોઈપણ વ્યક્તિના ચરિત્રનિર્માણ માટે કે પછી એક પ્રકારના ઓથેનટીકેશન માટે સમાજ જરૂરી છે. અહી વાત તમે કેવા ? એમ પૂછનાર સવાલો કરતાં ' અમે આ સમાજના ' એવી વાતચીતના વધુ સફળ અને સજ્જડ પરિણામોની છે. દરેક જ્ઞાતિનો પોતાનો સમાજ હોય છે. આ સમાજ જ જ્ઞાતિના વિકાસનો વિચાર કરે, અને અમલમાં મૂકે છે. સમાજ જ સામાજિક રિવાજો ઘડે છે.સમાજ નું મહત્વ એટલા માટે પણ છે કે કોઈપણ સામાજિક સમસ્યા કે વ્યક્તિના ઉત્થાન માટેની જરૂરીયાતો કોઈ એકલા હાથે પૂરી કરી શકે નહીં અને આવા વખતે સમાજ જ આ કામ કરી શકે. આ વાતને આપણે સમાજ દ્વારા ચલાવાતા કે બનાવાતા દવાખાનાઓ.. સ્કૂલો.. કોમ્યુનિટી સેન્ટરો કે આજના યુગની તાતી જરૂરીયાતો એવા વેવિશાળ કેન્દ્રોના માધ્યમથી વધુ સારી રીતે સમજી શકીએ છીએ. સમાજ દ્વારા ચલાવાતી આ પ્રવૃતિઓ અંતે તો જે તે સમાજની પ્રગતિ અને બેટરમેન્ટ માટે જ હોય છે અને એનો લાભ લેનાર વ્યક્તિ સમાજના હિસ્સા હોવા બદલ ગર્વ અનુભવે છે જે ગર્વ આગળ ઉપર પેઢી દર પેઢી કોઈપણ સમાજના વિકાસની ગાથાને આગળ વધારતી રહે છે.

જ્યાં સુધી વાત સમાજ પૂરતી અને સમાજની વ્યક્તિઓ પૂરતી મર્યાદીત રહે ત્યાં સુધી આ ' સમાજ ' સ્વીકાર્ય છે પણ થાય છે શું કે જેમ જેમ સમાજ સંખ્યાની રીતે , સામાજિક અને આર્થિક રીતે મોટો અને મજબૂત થતો જાય છે એમ એમ એની મહત્વાકાંક્ષા પણ વધતી જવાની. સમાજ છે તો એના મોભી પણ હોવાના.. એના કર્તાધરતા પણ હોવાના. જેટલી જ્ઞાતિ મોટી એટલો એનો સમાજ મોટો અને એટલી જ મોટી મહત્વાકાંક્ષા. સમાજ નો એક બીજો અર્થ એકતા પણ છે અને આ એકતા જ કોઈપણ સમાજની મહત્વની મૂડી છે. અંગત મતભેદો કે રાજકીય વિચારધારાઓ કે અરસપરસ ઈર્ષામાં જો એકતા તૂટી તો થઈ રહ્યો સમાજનો વિકાસ..!!!,જો કે આજકાલ આ એકતાનો રાજકીય ઉપયોગ વધતો જાય છે. નો ડાઉટ કોઈ રાજકીય કે સામાજિક પદ માટેની તાલાવેલી સમાજનું ભલું કરવાની મહેચ્છા હોય શકે પણ થાય છે શું કે સમાજના નામે પોતાની મહત્વાકાંક્ષા પૂરી કરવા નીકળેલો સમાજનો આગેવાન મોટાભાગે ગોથું ખાઈ જતો હોય છે. વાત અહી સામાજિક કરતાં રાજકારણની વધુ થઈ રહી છે. આજકાલ ચૂંટણીઓ જ્ઞાતિ આધારિત જ લડાય છે એવામાં જે જ્ઞાતિ વધુ મોટી એનો સમાજ વધુ મોટું અને એ હિસાબે પોલિટીકલી એનું વર્ચસ્વ વધુ. આવું જ કઈક સામાજિક સંબંધો માટે પણ કહી શકાય. આજે જ્યારે સંયુક્ત કુટુંબો તૂટતાં જાય છે.. મેટ્રોસિટીમાં તો બાજુમાં કોણ રહે છે એનો પણ ખ્યાલ નથી હોતો એવા દિવસે દિવસે સ્વકેન્દ્રીત થતાં જતાં સમયમાં સમાજ જ એક એવું પરિબળ છે જે તમને ને મને ખુલાપણું અને ઓળખાણનું મહત્વ અને મુશ્કેલીમાં સમાજ કેટલો કામ આવી શકે તેનો ખ્યાલ આપી જાય છે.




પહેલા પ્રેરેગ્રાફમાં લખ્યું એનાથી ઊલટું અત્યારે ' સમાજ ની મને કાંઈ પડી નથી ' કે ' સમાજ શું કરી લેવાનો ? ' જેવુ પણ થતું જાય છે. મોટાભાગે એના કારણોમાં બદલાતી પેઢીઓ સાથે બદલાતી રાજકીય-સામાજિક અને આર્થિક વિચારધારાઓ ગણી શકાય. એ ઉપરાંત પ્રગતિ અને પૈસા પણ આવી મનોદશા માટે જવાબદાર છે. આગળની પેઢીઓએ વિચારીને અને અનુભવોને આધારે ચિતરેલા નિયમોના ચીલાઓ પર નવી પેઢી ચાલવા તૈયાર નથી હોતી એમણે એને કેડી જુદી કરવી હોય છે એને લીધે ઘણા બધા સમાજોમાં સત્તાની અને સમાજ પર પકડની લડાઈ ચાલતી હોય છે એને લીધે નવી પેઢી ધીમે ધીમે સમાજથી દૂર થઈ જાય છે અને ભલે એનું નુકશાન આખા સમાજને થાય છતાં પણ વર્ષોથી ચાલી આવતી રીત-રિવાજો કે નિયમોની કેડી છોડનાર સમાજનું મહત્વ ક્યારેય સમજી નથી શકવાનો એ હકીકત છે. બીજું કે સમાજનો અર્થ સમાજના લોકોની ભલાઈ અને એના ઉત્કર્ષનો છે જ્યારે આજકાલ બીજા સમાજને નીચો દેખાડવાની કે વિરોધ કરવાની ફેશન છે અને એને લીધે સમાજ એ સમાજ ના રહેતા ફરીએકવાર માત્ર જાતિમાં બદલાય જાય છે અને જાણીએ-અજાણ્યે જાતિવાદને જન્મ આપી બેસે છે. ' જેના હાથમાં એના મો માં ' એ વાત બરાબર પણ એમાં જ્ઞાતિવાદ ભળતા જ એ સમાજ અને બીજા સમાજો વચ્ચે ટકરાવ થવાનો જ. સમાજ ચાહે મોટો હોય કે નાનો.. આર્થિક-સામાજિક-રાજકીય રીતે પહોંચતો હોય કે ના હોય પણ જો એ સમાજ અને સમાજના આગેવાનો એ તાકાતને જ્ઞાતિવાદમાં ફેરવે છે તો પછી એ સમાજ ચાહે ગમે એટલો સક્ષમ કેમ ના હોય પણ બીજા સમાજોની નજરમાં ઉતરી તો જવાનો જ. આમ પણ મનુષ્ય જીવન કોઈ એક સમાજ નહીં પણ જુદા જુદા સમાજો ના સહકાર અને સમન્વયથી ચાલે છે એમાં જો તિરાડો પડે તો સમાજને જ ભોગવવાનું આવે. એટલે કોઈપણ સમાજ માટે સૌથી અગત્યનું અને મોખરાનું કામ એ જ હોવું જોઈએ કે સમાજના લોકોનો વિકાસ થાય , એમનું સામાજિક અને જીવનધોરણ ઊંચું આવે અને ખાસ તો સમાજના નામે જ્ઞાતિવાદ ના ફેલાય કેમકે જ્ઞાતિવાદ એ એક એવું ઝેર છે કે જે ધીમે ધીમે પૂરા સમાજને ભરખી જાય છે. સમાજનું કામ સમાજના ઉત્કર્ષ.. કુરિવાજોને કાઢવા.. વ્યસનોને નાબૂદ કરવા.. સમાજનાં શૈક્ષણિક-આર્થિક-શારીરિક વિકાસ જળવાય રહે એના પ્રયત્નો કરવા હોવો જોઈએ અને જો દરેક સમાજ આને પ્રાયોરિટીમાં રાખશે તો દેશ આપોઆપ સામાજિક રીતે સમરસ અને સમૃધ્ધ બનવાનો જ.

( akurjt@gmail.com )